# Telephone conversation between Prime Minister and Dr. Ashraf Ghani President of the Islamic Republic of Afghanistan

August 03, 2020

## વડાપ્રધાન અને ઈસ્લામિક ગણરાજ્ય અફઘાનિસ્તાનનાં રાષ્ટ્રપતિ ડૉ. અશરફ ગની વચ્ચે ટેલીફોન પર વાતચીત

ઓગસ્ટ 03, 2020

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈસ્લામિક ગણરાજ્ય અફઘાનિસ્તાનનાં રાષ્ટ્રપતિ ડૉ. અશરફ ગનીએ ટેલીફોન પર વાતચીત કરી હતી. બન્ને નેતાઓએ આનંદપૂર્ણ ઈદ-ઉલ-આધા તહેવાર પર શુભેચ્છાઓની આપ-લે કરી હતી.

રાષ્ટ્રપતિ ગનીએ અફઘાન આવશ્યકતાઓ પૂર્ણ કરવા માટે સમયસર ખોરાક અને તબીબી સહાયનો પૂરવઠો પહોંચાડવા બદલ વડાપ્રધાન મોદીનો આભાર માન્યો હતો. વડાપ્રધાને શાંતિપૂર્ણ, સમૃદ્ધ અને સમાવેશક અફઘાનિસ્તાન માટેની ખોજમાં અફઘાનિસ્તાનનાં લોકો તરફ ભારતની પ્રતિબદ્ધતાનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. બન્ને નેતાઓએ આ ક્ષેત્રમાં વિકસી રહેલી સુરક્ષાની પરિસ્થિતિ અને પારસ્પરિક દ્વિપક્ષીય હિતનાં અન્ય ક્ષેત્રો પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કર્યું હતું.

**નવી દિલ્હી**
**ઓગસ્ટ 03, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.